ગુજરાતી ત્રીજી ચોપડીનો અર્થ.

પાઠ. ૧.

સદાચરણ = સારા ચરણ, સારી [illegible].
જન=[illegible], [illegible]
જગત=દુનીઆ.
જન્મ= દેહ, જીંદગી.
[illegible] ઓળખાણું.
[illegible]ાણી; શરૂઆત.
[illegible] = જરાકમાં, થોડી [illegible]
મીઠા=સા[illegible]
વાણ=વાહણ, [illegible].
કોપ=ગ[illegible]
ડાહ્યો=[illegible]

પાઠ. [illegible]

આળસુ=સુસ્ત
મુરખ=બેવકૂફ, મુરખો
રમતીઆળ=રમતમાં જીવ રાખનારો.
પાલવે=પોષે, પરવડે.
દર=બાકું, કાણું.
પંખી=પક્ષી, પાંખવાળા જાનવર.
પરવડે=પાલવે, પોષે
ડાઘીઓ=ડાઘવાળો, (કુતરાનું નામ).
ઓરે=આમ, હઈઆં.
ધણી=શેઠ, માલિક, સાહેબ.
ચોકી=ચોકસી, પેહેરો.

પાઠ. ૩.

ઝંખવાણો=ઝાંખો, ફીકો.
વિચાર = મનસુબો, ક્યાસ.
નકામાં= કામવગરનાં, નવરા.
જનાવર=જાનવર.
[illegible]ગ્યાંછે = મંડ્યાછે, [illegible]ગ્યાંછે.
લગારે = જરાએ, જરાપણ.
નવરાશ=ફુરસદ.
ઢોઠ=મુરખ, અણઘડ.
જીવતર=જીંદગાની, જીવવું.
વલે=હાલ, દશા.
પસ્તાવો= દલગીરી, ખેદ.
લાગલું=તરત, તાકીદથી.
મેહેનત = કોશીશ; શ્રમ.
ઠીક=સારૂં, બરોબર રીતે.
રાજી=ખુશી.
ફેરવીને=બદલીને.
તાકીદ=ઝડપ; સખત હુકમ.

પાઠ. ૪.

જબરૂં=જોરાવર.
શરીર=ડીલ.
ટુંકા=ન્હાના, બટકા.
જોરાવર=મજબુત.
પછવાડે=પાછલી તરફ.
વળેલાં=મરડાયલાં.
ધાર=કોર, કોરણ.
કઠણ=મજબુત.
વાળ=બાલ, નીમાળા.
આછા=થોડા.
હીંડેછે=ચાલેછે.
ડાંસ=મચ્છર, મગતરાં.
નર=માટીડો.
હળ=જમીન ખેડવાનું લાકડાનું હથીઆર.
પોચી=નરમ.
દાણા=અનાજ.
વગડાઉ=રાની, જંગલી.
પુરી પડે=બર આવે, હઠાવી શકે.

પાઠ. ૫.

ગાળાગાળી = ગાળાબાજી.
સ્વભાવ=ખાશીઅત, મીજાજ.
રાજકુંવર = રાજાનો છોકરો.
ફરીઆદ = અરજ, રાવ.
કચેરી=દરબાર, કોરટ.
ફલાણા=હરેક, કોઈએક.
કુંવર=છોકરો.
બંધીખાને= કેદખાને, તુરંગમાં.
દંડ=ગુન્હાનો [illegible] અથવા શિક્ષા.
ઘટે તેવી = જોઈએ તેવી; યોગ્ય.
શિક્ષા = સજા; શિખામણ.

માફ=ક્ષમા.
સજા=શિક્ષા.
વડાઈ=મોટાઈ, માન
વચન=બુકન; શબ્દ.
વેળા=વખત, સમે.
અણસમજુ=સમજ વગરનો.
યાદ રાખજે = ફ્રામ રાખજે.
સાર = ઈજત; સારૂં, મતલબ.

પાઠ. ૬.

ભુંડા=ખરાબ, દુષ્ટ.
ભુંડું=નઠારૂં, બુરૂં.
ભાખતા = કેહેતાં, બોલતાં.
ખોટી=નકામી, નઠારી.
જગ=જગત, દુનીયા
જશ=માન, આબરૂ, યશ.
દુખીઆ=હેરાન, દુખીઆરો.
બાળક=છોકરો.
બાળકી=છોકરી.
નકી=ખચીત, નીશ્ચે.
નાર=બઈરી, સ્ત્રી.
તોલ=ભાર, આબરૂ, વજન.

પાઠ ૭.

દેશ = જેમાં મોટા પ્રાંતો, શેહેરો આવેલાં તે.
ચાલ=ધારો, રીવાજ.
રીતભાત=રીત, રસમ
મળતી=સરખી.
પેહેરવેશ = પોશાક, પેહેરવાનાં લુગડાં.
મારવાડી= મારવાડના રેહેવાસી.
દક્ષિણી=દક્ષિણ તરફના રેહેવાસી.
સાહેબ લોક = ટોપીવાળા, ગોરાલોકો
સુરવાલ=સાંકડો લેંઘો (જડાની ઈજાર.)
ચોરણો= ટુંકો લેંઘો.
બોલી=ભાષા.
ફેર=તફાવત, ભેદ.
ભાકર=રોટલી.
ઘાટ=રોળ, આકાર,
હબશી=કાળીચામડીવાળા; કાળાલોકો.
શામળી=કાળી, કાળાશ પડતી.
ગોરી=સફેદ; ઉજળી.

પાઠ ૮.

સંઘરો=એકઠું, ભંડોલ
દુકાલ=અછત, નહીં મળે તે.
ચંદી = ચણા, ઘાસદાણો.
રૈયત=પ્રજા.
હેરાન=દુખી.
પ્રધાન= વજીર, કરતો હરતો.
નજર=નીઘા, દ્રષ્ટી.
દુબળાં = મુરડાલ, નાચાર.
સુકાળ=સોંઘવારી.
જોર=શકિત, બળ.
કારણ=સબબ.
કોઠાર=દાણા ભરીમુકવાનો ભંડાર.
પોપડો=પડ.
અચરજ=નવાઈ.
ડાહાપણ = ચતુરાઈ, શાણપણું.
ગંજીઆ = મોટા ઢગલા.
ખાણ = અનાજભરીમુકવાના મોટા ઊંડા ખાડા.
કણ = રજ, રજકણ, કણી.
સંગ્રહ=એકઠું.
વસે=રેહે.
સંપે = સંપથી, હળીમળીને.
સદા=રોજ, હમેશા.
સર્વ=સઘળો, બધી.
સંઘાત = સાથે, સોબતી.

પાઠ ૯

થડ= ઝાડનો વચલો ગોળ ભાગ.
મૂળ=જડ; મૂળો- ..
વડવાઈ=લાંબા ફાંટા.
અસલ = આગાઉનું, જુનું.
ઓળખતાં=પીછાનતાં, જાણતાં.
પાંદડાં=પાંતરાં.
ફેલાયછે=પસરેછે
ઘટા=રચના, […]લાં, ઝાડનું […]
છાંયડે=શીળે.
આરામ=સુખ, નિસાસો, સંતોષ.
ટેટા=વડનાં […]
કાબર=એક […] નામ.
ઈમારત=મોટી બાં- […]ધેલી.

[…] ૧૦

તીડો=ઝરા જીવડો, […] પાંખીઆ. […]ચવાળો.
[…] ચટકો.
ફાંટ=ચીરો, તડ.
ટાઢક=ઠંડક.
ઉતાવળે=જલદી, ઝડપથી.
આંકડો=ઝેરી કાંટો.
તરત=જલદી.
દુઃખ=વીપત્તિ, ઈજા.
ઉપાય=ઈલાજ.

ચુંસી=સોસી, મોંમાં લઈ.
ચાંદો=ફોલ્લો, ગુમડું
કપાએલું=વડાએલું.
સુજેલું=સુજી આવેલું ચહડી આવેલું;
ઈજા=દુખ.
વીખ=ઝેર.
અવગણ=ગેરફાયદો.
સંભાળી=સાચવી, તપાસી.
ફિકર=ચિંતા.

પાઠ ૧૧.

છોડીઓ=છોકરીઓ
વગાલી-બારી.
રોતી=રડતી.
કજીઓ=કકાસ, ટંટો.
સમજાવીને=પટાવીને ફોસલાવીને.
ઢોર=પશુ; જાનવર
મોટપણે=મોટી ઉમરે.
વિલાયત=ગોરા લોકોનો દેશ.
ખબરદાર = હોશીઆર.
બાયડીઓ= બઈરીઓ.
ભાઈડા=માટીડા.
સુખી=સારા, સુખીઆરા.
ગાંડી=ઘેલી, અણસમજુ.

પાઠ ૧૨

માળો=પક્ષીને રહેવાનું ઘર.
ફળ=લીલા મેવા.
જુદાં=વેગળાં, છુટાં.
પાળીને=પોશીને.
પાંજરૂં=પીંજરૂં.
મરજી=ખુશી; ઈચ્છા.
અર્થ=માએનો, મર્મ
અવાજ=સાદ, સોર.

પાઠ-૧૩

સુણતા=સાંભળતાં.
ઉપજે=થાય, પેદા થાય.
હરખ=ખુશી, સંતોષ.
અતોલ=ઘણોજ.
ફાટે=ડેકે.
કાંકલો= ગળચીઓ.
નમાગ્યું=નમેલું.
અંગે=શરીરે.
ધારે=માને વિચારે.
ધાક=બીક, હુકમ
મનુષ્ય=માણસ.
હેત=પ્યાર, ચાહના.
અથાગ=ઘણુંજ.
પ્રીત=હેત, પ્યાર.
કાગ=કાગડો.

પાઠ ૧૪

વાઘરી=શીકારી માણસ, પારધી.
વડવાઈ = ડાળડી, [illegible].
માન=આબરૂ, ઇજ્જત
મારામારી = લડાઈ, બાઝાબાઝી.
દંગાઈ = લુચ્ચાઈ, ખંધાઈ.
માઠું=ખરાબ, દલગીરીભરેલું.
આવકાર=આદરમાન.
નવાઈ = અચરત, અચંબો.
તપાસ = તજવીજ, ખોળ.
સોબત=સંગત.
નિવડયું=નિકળ્યું.
શિખામણ = બોધ, ઉપદેશ.
ભુલવી=વીસરવી.
અસર=ફળ, ફાયદો, પરિણામ.

પાઠ ૧૫

કણબી = ખેડુતની એક જાત.
ધન=પૈસા; દોલત
ખેતી=ખેતીવાડી.
તન = ચેટક, અરે, મન.
દીકરા=છોકરા.
પુંજી=દોલત.
અંતકાળ= મરવાનો વખત, મૃત્યુસમે.
વિચાર્યું=ધાર્યું.
ડોસે=બુઢે, ઘરડે.
કેડે=પછી.
લાલચ=લોભ.
આપ્યું=અર્પ્યું.
બેડાઈ=ખોદાઈ, પોચી પડી.
નિપજ=પાક, પેદાશ.
ઉપજ્યો=પેદા થયો.
ખરેખરૂં = જોઈએ તેવું, જોઈએ તેટલું.

પાઠ ૧૬.

પેદા=ઉત્પન્ન.
કર્યાં=કીધાં.
સુંઘવાનું= સુગંધ લેવાનું.
બનાવ્યું=ઘડયું, પેદા કીધું.
ખોટું=જુઠું, ખરાબ.
વાના=ચીજો.
ઈશ્વર = પરમેશ્વર, પ્રભુ.
ભલાં=સારાં, આબરૂદાર.
દિવસે=દાહાડે, (સહવારથી સાંજસુધી)
જાળવે=સાચવે, સંભાળે.
રખવાળી = બાલાસ, સાચવણી.
કીરપાળ=મેહેર દયાવ

પાઠ. ૧૭.

બીક=ભય, ધાસતી.
આડચણ=હરકત.
ઝપે=સામટા, ઝોકડે
કસ્બો=નહાનું શેહેર.
કિલાબંધ=કોટનું બાં-ધેલું.
હારબંધ=એક પછી એક, જથાબંધ.
ચૌટાં=મોટાં બજાર.
જાલે=કોઈ વખત, ક્વચિત.
હાટ=બજાર.
ઝાંપા=કાંટાનું બારણું
કોટ=આસપાસ ફર-તી છોની મોટી દીવાલ.
પેસનીકલ=આવવા જવાને.
દરવાજા=મોટાબારણાં

પાઠ. ૧૮.

ઇંદ્રીઓ=શરીરના ભાગો, અવયવો
આકાર=ડોળ, આ-કૃતી.
વાસ=સોડમ, સુગંધ; રેહેઠાણ.
લીસી=સાફ, સુંવાળી
સ્વાદ=ચાખવું, લેહે-જત, સારૂં.
સમ પડે=જણાય,
મઝાની=સારી.
ધબાકો=અવાજો.
સમજો = ધ્યાનમાં લેવો, સમજાઓ
ટાઢું=ઠંડું.
ઉનું=ગરમ.

પાઠ. ૧૯.

આંગણું = બારણું; બારણાં આગ-ળની જગ્યા.
ચોખ્ખું=સાફ, સ્વચ્છ
ગંદા=ગોબા.
ગંદવાડ = ગંદવેડો. ગોબરાઈ.
ગંધ=ખરાબ વાસ.
એંઠવાડ=એંઠાવાસણ
માંદા=બીમાર, આ-જારી.
લાજ=શરમ.
તાવ=તપત, બોખા-ર, કાગળ-
કોઠાણ=કોઠીવાડો.
જીવજંતુ = જીવડાં, મગતરાં.
નિપજે=પાકે, થાય.
વેગળે=દૂર, આઘે.
બાપડા=બિચારા
ગુણ = ફાયદો, પાડ, આભાર.
છોડ=છોડવો.
ઠેકટ=જગ્યા.
રળીઆમણું=શોભા-યમાન, સારૂં.

પાઠ. ૨૦.

ચોખાઈ = સુઘડાઈ, સ્વચ્છપણું
ચીર=કીમતી લુગડાં; વસ્ત્ર.
મધપુડો=મધમાખ-નો પુડો.
રૂડો=સારો.
રચે=બનાવે.
માપ=ભરત, પરમા-ણું. નિયમ.
શુદ્ધ=સાફ, સ્વચ્છ.
[illegible]=આરસી.
ચિત્ત=મન, ધ્યાન.
તાન=દેદાર, કદ.
મજાન=સારા; આ-બરૂદાર.

પાઠ. ૨૧.

સીમ=ખેતર, હદ.
ભેગા=સાથે, એકઠા.
સુંવાળા=નરમ, પોચા
ખોંખારે છે=સણસ-ણે છે.
બરાડે છે=આરડે છે.
ખરી=પગનું તળીયું.
નક્કર=સંગીન, મ-જબુત.
નાળ = લોઢાના પાટા.
મજલ = ખેપ, વાટ, ટપ્પો.
ફલંગો=ફુદકા.
બોજો=ભાર.
ચાકરી=બરદાસ, સેવા
માયા = હેત, લાડ, પ્યાર.
નિર્દય=દયા વગરનો, ઘાતકી.

પાઠ ૨૨.

કાતરા=એડકા.
ચોખંડા=ચારે બા-જુએ સરખા.
કચુકા = ચીચોડા, ઠળીઆ.
ચીચોડા= આમલી-ના ઠળીઆ.
બાટા=બદમડો.
જણસ=ચીજ, વસ્તુ
સંગીન=નક્કર.
ચિકણું=ચિકવાળું.
વટેમાર્ગુ=મુસાફર, સ-ફર કરનાર.
[illegible]=દ્વીપ.
બારેમાસ = આખું વર્ષ.
ખપ=જરૂર, અગત્ય, કામ.

પાઠ ૨૩

દીકરી=છોકરી.
અક્કલ=બુદ્ધિ.
નિત્ય=રોજ, હમેશા
પર=પારકું.
નેક=ટેક; મોટું, સારૂં
ઠામ=ઠેકાણું, જગ્યા.

નસુ = બે આંગળ, જરાક.
નથ=નહીં.
મોજ=મજા, સુખ, સંતોષ.
ઘણેરી=ઘણી, બહુજ
માહાલે=મોજ કરે.
માતા=મા, માજી.
કેરા=નો, ના, તણા
તાત=બાપ, પીતા.
[illegible]=એક મોટા કવિનું નામ.
[illegible]—[illegible].
[illegible]=[illegible].
વિખ્યાત = નામીચું. પ્રસીદ્ધ.

પાઠ ૨૪.

[illegible]—[illegible].
વતન = માવતણી, બાબાસ. [illegible]
કમાન=અડધો [illegible]
ભમર=ભમરાં, [illegible] ઉપર કમાનના [illegible] વાળીમાળા છે તે.
છાજલી=છાજ, છાપરી, ગોખ.
સારેછે = કરેછે, પુરું પાડેછે.
પોપચું=આંખનું ઢાંકણ.
ઝીણી=બારીક.
રજ = રજકણ, ધુળ, કણી.
પાંપણ=આંખને વળગેલા બાલ.
ખાળેછે=અટકાવેછે
રતાંધળા=રાતે આંધળા.
દયા = મેહેર. રેહેમ.
સાજી=સારી.
પાડ = ઉપકાર, આભાર.

પાઠ. ૨૫.

વિના=વગર, નતરાગ
[illegible]=અનાજ.
બળતણ=બળવાનાં લાકડાં, સરપણ.
તૈયાર=કામને લાયક.
કુંભાર=માટીનાં વાસણ બનાવનાર.
લટકતાં=ટાંગાતાં.
કપાસ = રૂના છોડ.
કાંતે=લાંબા તાર કરી સુતર બનાવે.
વણે=લુગડું બનાવે.
કેહેવત=કહેણી, કાહાણી. [લી.
[illegible]=જાડી રોટ-

પાઠ. ૨૬.

ધરતી=જમીન.
[illegible] = જથાબંધ
[illegible]=પુરીએ, ઢાંકીએ.
[illegible]=સારી થાય.

પાઠ. ૨૭.

કાં [illegible].
ઠાલ=ઘરેણાં.
વખત=સમે, વેળા.
સરસ=સારો, મજાનો.
સણગાર=શરીર શોભવાનાં લુગડાં, ઘરેણાં.
પરઘેર=પારકે ઘેર.
પેર=પેઠે, રીત.

પાઠ. ૨૮.

દાન=ધર્મ, ખેરાત.
મુદ્દલે=જરાએ.
વાવરતો = ખરચતો. વાપરતો.
સુમ=કંજુસ, બખીલ
નારાજી=નાખુશી.
ગજું=શક્તિ, ગુંજાશ
પરોપકાર = પારકાનું સારૂં કરવું (પરમાર્થ કામ).
લેખે=ઠેકાણે, સુમાર્ગે
ગરીબગરબાં=લાચાર, કંગાળ [લોક.
આંતરડી = આત્મા,
આશિષ=આશિર્વાદ, દુવા.
વાવેલું=રોપેલું.
ફોકટ=નકામું, વ્યર્થ.
આપદા=ફિકર, ચિંતા
પુણ્ય=ધર્મ, દાન.

પાઠ. ૨૯.

સાગ=સાગવટ, સાગાઈ.
દેશાઈ = જાગીરદાર, વતનવાળો.
છૈયાં=છોકરાં.
ઉઠ્યાં=નિકળ્યાં.
દાખલા = ઉદાહરણ, દ્રષ્ટાંત
લેખણ=કલેમ.
ચપુ=છરી, ચાકુ.
વખાણ્યો=તારીફ કીધી.
ગમ્યો=પસંદ પડ્યો.
[illegible]—સોળ આનાની કીમતનો રૂપાનો શિક્કો.
કાપ=ચીરો.

પાઠ. ૩૦.

ગભરાયો=અકળાયો, ગુંચવાયો.
ધીરજ=સબુરી, શાંતિ
ખાન્યા=ચીડ્યા.
સામો=ફેલટો, સન્મુખ. [દેય.
કાળીએ=કાળજે, હૃ-
[illegible]=[illegible].
સાચા બોલું = ખરાબોલું.
વાંક=તકસીર, ગુન્હો.
અજાણતા=અજાણીતું
ઝટ=જલદી, તાકીદે.

પાઠ. ૩૧.

સાહીએ = પામીએ, વહીએ. તા-
તાંકટ=દુખ, પીડા.

પરલોક=દેવલોક, પારકા લોક.
દીનરાત=રાતદાહાડો
શુભ=સારૂં.
ક્રોડ=હજારો, (સો લાખ).
સરે=થાય, બને.
હોડી=મછવો, બોટ.
સિંધુ=દરીઆ; નદીનું નામ.
રાજ=અમલ, ગાદી.

પાઠ. ૩૨.

ઘેટાં=મેંઢાં.
કામળો=ધુમાળો.
કામળીઓ=કામળ.
ધાબળીઓ=ઊનનું ઓઢવા પાથરવાનું લુગડું.
ઊન=ઘેટાંના બાલ.
ટાઢ=ઠંડ.
બિચારા=બાપડા, ગરીબડા.
ભરવાડ=ઘેટાં ચરાવનાર.
કાતરી=કાપી.
શિવાય=વગેરે.

પાઠ. ૩૩.

લીમડો=લીંબોળીનું ઝાડ.
પોપટીઆ=લીલાં.
ઝરીને=વહીને, ઝરપીને.
ચણ=લીલા મેવાનું નામ.
લીંબોળીઓ=લીમડાનાં ફળ, લીંબોડી.
રોગ=વ્યાધી, મરજ.
ઓસડ=દવા, બીમારીનો ઉપાય.

પાઠ. ૩૪.

જાર=જુવાર.
પૈસાદાર=શ્રીમંત, તાલેવન.
કડબ=જાર બાજરીના સુકાએલા સાંઠા.
પુળા=કડબના ભારા.
ડુંડું=કણસલું.
કણસલું=ડુંડું, કસણું.
બાજરીઊં=બાજરીનું કણસલું.
ઊંબી=ઘઊંની કંઠી; જેમાં ઘઊં થાય તે.
મસળે=ચોળે.

પાઠ. ૩૫.

ડાંગર=ભાત.
જવ=એક જાતનું અનાજ.
તલસરા=તલની શીંગ જેમાં તલ થાયછે, તે.
શીંગ=ફળી.
કઠોળ=મગ, ચણા, વાલ વગેરે ધાન્ય
પોપટા=ચણાફળી જેમાં ચણા થાયછે તે.
શેરડી=ગળ્યા રસનો સાંઠો, જેનો ગોળ બનેછે તે.

પાઠ. ૩૬.

મેલ=કચરો.
તરસ=સોસ.
મટાડે=ઓલવે, દૂર કરે.
કાંઠે=કીનારે.
પહાડ=મોટા ઊંચા ડુંગર, પર્વત.
કીલ્લા=સરકારી લશ્કરી મુકામ, ગઢ.
નાળાં=ન્હાની નદી, ખાડી, ઝરો.
મરડીઆ=છો પકવવાના, સફેદ.

પાઠ. ૩૭.

વન=રાન, જંગલ.
સરખી=બરાબર, સપાટ.
પાળીઓ=ચપુઓ, ચાકુ.
હીરા } કીમતી જવાહેર, કીમતી પથરા.
માણેક }
જામફળ=જમરૂખ.
ડુંગર=ઊંચો ટેકરો.
રાન=જંગલ, વન.
અનેક=ઘણાં.
પદાર્થ=ચીજ, વસ્તુ.

પાઠ. ૩૮.

સેવા=ચાકરી, બરદાશ
ઉછેરતાં=મોટા કરતાં
પજવતાં=દુઃખ દેતાં, કાયર કરતાં.
જંપીને=સુખે, ઠરીને.
સંસાર=દુનીઆ.
વેદના=દુઃખ, પીડા.
દાઝ=દયા.
માથે ચઢાવવું=કાબુલ કરવું.

પાઠ. ૩૯.

ટગમગ=ડગમગ, સ્થિર.
ટકનો=ઠરતો.
ખાજ=ખાવાનું.
લેશ=જરા.
અવસર=વખત, સમે
વેઠીને=સહીને, ખમીને.
ઉપકાર=પાડ, ગુણ.
અમાપ=ઘણોજ.
ઘડી=૨૪ મિનિટ.
બરદાશ=ચાકરી, સેવા
ઉમર=જીંદગાની, વય.
દાસ=ચાકર, સેવક.

પાઠ. ૪૦.

બાવળ=બાવળનાં લાકડાંનું ઝાડ.
શુળો=કાંટાવાળી ડાખલી.
પરડા=બાવળની શીંગ.
નાઈડી=પઈડાંની વચમાંનું ગોળ ડુંગરૂં, નાભી.

આરા=પઈડાંની વચ્ચમાંના લાકડાના કકડા.
પુઠીઆ=પઈડાંને ફરતુ લાકડાંનું ગોળ ચક્ર.
તુરારા=ફિકારા.
કુંડ=ચો તરફ છોથી પાણી બાંધી લાધેલું તે.
ઉતરડી=ઉતારી, ઉખેડી, સારી
આળા=બરછડાં, ડાઘવાળાં.

પાઠ. ૪૧.

ઝુંપાગલી = ખોટા ખોટા તગા ઉઠાવનાર, ચળવળીઆ આદમી; વહેમ.
ઘાડગા = ઘડો, [illegible] ભરવાનુ ઠીકરાનું વાસણ.
મજુર=ચાકરો [બંગ
તુરગ=ખોટા નિગાહ,
કુકડી=મરઘી
સારીપેઠે=બહુજ.
બોહોળાં=ઘણાં.
વેપાર=રોજગાર.
કમાઈશ=રળીશ.
ઘુણાવીને=હલાવીને.
ફુટી=ભાંગી.
માલિક=ધણી.

પાઠ. ૪૨.

પાયો=મૂળ ટેકો.
ચણતર = ચણવાનું કામ.
કરા=ભીંત, [illegible].
પછીત = પછવાડેની ભીંત.
હાટડાં=તાકાં.
ભોંયરૂં= ભોંયતળીયા નીચેની ઓરડી
બા=બીક.
ઓગાશી=ઓટલી.
ઝટપટ=તાકીદથી.
માળીવું = નળીઆં ચઢાવવાં.
મોભ=ઘરનો વચલો આડો થાંભલો; મુખી.
વળીઓ=સાકટીઓ.
કાથી=દોરડી.
[illegible]=બંદોબસ્ત.
[illegible]= છો દેવડાવી.

પાઠ. ૪૩.

[illegible]=ભાગ.
[illegible] ડી.
[illegible]=દીપે, શોભા[illegible].
મણું=કસર, ખામી.
[illegible]=[illegible],વાડો.
પાટડા=[illegible]ટીઆ.
સાગ=[illegible] લાકડું.
તાકા=[illegible]
[illegible]લાણું=છો દેવડાવવાનું કામ.
આરસાં= ચોખંડા પથ્થર, ચોકી ઈંટ.
કમાડ=બારણાં.
મજાગરા=મીજાગરા, ચણીઆરાં.
લુહાર=લોઢાનો ઘાટ ઘડનારો.

પાઠ. ૪૪.

છાજે=દીપે, ખીરાજે.
રસોડા=રાંધણી. [તાં
રૂપાળાં=સારાં, શોભિ
ચુનાળાં=ચુનાનાં.
નીર=પાણી, તેજ.
સુડા=પોપટના જેવા પક્ષી.
મેના=મધુર પક્ષી.
સંજ=સાજ, બિછાનું.
હીંચકો = હીંઢોલો, ઝોલો.
ખાટ=ખાટલો, ઢાલીઓ.
ગલીચા=જાજમ, પાથરણું.
બીછાવી=પાથરી.
ભૂપતિ=રાજા, પૃથ્વીપતિ. [સખી.
ચિત્ર = ચિત્રામણ,

પાઠ. ૪૫.

નરસે=ખરાબ.
નસકોરાં = નાકનાં બાકાણાં.
ટેકો=આધાર, મદદ.
ડાચું=જડબું.
સજડ=મજબુત.
દાઢ=પેવડા દાંત.
ભુકો=ભુગદો.
વાચા=બોલવું,ભાન.

પાઠ. ૪૬.

ખીજવું=ચીડવું.
છિલાઈ = છાલકાઈ, તોર.
રીસાળ=તામસી, ક્રોધિષ્ઠ.
પહુડાઈ=અકળાઈ.
પગરખી=જોડી.
વાંસ=પછાડી.
અકડફટ = અકડાટ, આંટી.
અંટવાઈને = આંટી આવીને.
અઓચાણ=ખાડો.

પાઠ. ૪૭.

ખાડો=વાંકો, ઉંડો.
ઘુરકવા=દાંતીઆ કરવા.
અચકું=ડાકું.
અદેખાં = કીનાવાળા, દ્વેષી.
મારીલાં=તીખા સ્વભાવના.
કરકશીઆં=ચીઢીલાં
ચીઢીલાં=ખોકીલાં.
અવતરે=જન્મે.
ગેલ=લાડ.

પાઠ. ૪૮.

વાંકું=છિદ્ર, કાણાં.
નરીઆ=એ નાલી.
ખાતરીઆ=ઉપરડણી, માં-
ખડી ફરી ફરી પરણે.

પાઠ. ૪૯.

કણીઆ=કણીઆ.
ગાસઅસ=ગાસાવાનું
નામ(અળીયાનાંગી)
સાંખાઓ=રડાએ.
ફુગગો=ભાગો.
લાગલાગટ=સાગટા; રોજ રોજ.

પાઠ. ૫૦.

વહેળો=ઝરો, નાળું.
તેડ=કીનારે, તીરે.
ઝાંપ=જાળ.
ગરકાં=ડબ.
ગાદલો=પાડ, અવેજ.
આબરૂ=માન, ઈજ્જત.

પાઠ. ૫૧.

ક્યારડા=ખાડા. ક્યારા.
લીલાછમ = ઘણુંજ લીલા.
પરાળ=ભાતનું ઘાસ.
ફુલાં=ડાનરાં.
ચોખા = ભાતમાંથી ફોલાં કાઢીને જે દાણા નિકળેછે તે.
તરૂ=ભાતના કુમળા છોડ.
ભારે=મોટા, કીમતી, વજનદાર.

પાઠ. ૫૨.

તીનાઓ=અણીવાળા.
સમજુ=સમજવાળો.
તરૂ=દ્રુમ નામ.
તલપ=ઠેકડું.
નીભાવું=નિભાવું.
ટેવ=આદત, આદી-
અત.
તુજને=તી નગર ઇ.
બિગાડ = નુકસાન, હાણી.
માંજરી=ચુરા દાણા-

પાઠ. ૫૩.

પીકણું=ગીરીએ એ-
વો, નરમ.
અમજાણ્યું=પારકું, અ-
તરાપી.
નોડમાં=પાસે, પડખે
ઉઠાડ્યો=ઉભો કીધો.

પાઠ. ૫૪.

બીહું=બીમણ, ભાર.
દરીઆ=સમુદ્ર, સા-
ગર.
પડ=ગર.
દારા=મોહાના મોટા-
ઢગલા.
અગર=મીઠું પાકવા-
ની જગ્યા.
અગરીઆ=મીઠું પ-
કવનાર.
ક્યારા=ખાડા, ક્યારડા
ઉસરડી = સાંભરી
લઈ.

પાઠ ૫૫.

મેડીઆ=માળ.
ઠાયજો=પાંચગણુંમો
માળો.
વિદ્યા=સરસ્વતી, ભ-
ણતર.
ભણીગણી=લખી વાં-
પ્રમાણે=રીતે.

પાઠ. ૫૬.

પંડિત=વિદ્વાન.
લહીઆ=સારા અક્ષર-
નો લખનારો;
વાકિફગાર.
ગાઉ=કોશ.
પંથ=રસ્તો, ધર્મ.
અભ્યાસ=માહાવરો.
કાયર=દુઃખી, હેરાન.
આળસ=સુસ્તી.
ખર=ગધેડો.
પાગ=પથ્થર.
પ્રસાય છે=પ્રસાય છે.
એંધાણ=નિશાની.

પાઠ. ૫૭.

સીસું, જસત, કલાઈ } સૌથી નરમ ધાતુઓ
નરી= સ્વચ્છ, ભેળ્યા
વગરની.
કાટ=કીટ.
ઝળકતી = ઝળકતી,
તેજ કરતી.
ઝાંખું=તેજ વગરનું.
ફીકું.

જંગાલ = ત્રાંબાનો
કાટ.

પાઠ. ૫૮.

ટીપીને=ચપટીને.
પતરાં=ધાતુને ટીપીને
પાતળાં કરેલાં તે.
વરખ = સોના રૂપાના
છેક પાતળાં પાનાં.
ચીકાશ=ચીક.
ગદી આગા=૧૬ તાલ
આગળાં = ઊગળી.
આંગ=ઝાળ; કલંક.

પાઠ. ૫૯.

સંપ=એકદીલ, એક
મત.
ફને=પામે, સાંડે.
અચંબો=નવાઈ, અ-
ચરત.
છેડી=અડકી.

પાઠ. ૬૦.

ઠીગાળી = તોફાની,
મસ્તીખોર.
અટકચાળાં= વલવ-
લતાં, આડાં, અ-
ડાં કામ.
ભુસકા=કૂદકા [illegible]
અડપલાં= અટકચા-
વગડો=વન, જંગલ.
ગલોફાં=ડાચાં, ગાલ.
નિરાંતે=ચેનથી.
પીટાળીને=લપેટીને.

પાઠ. ૬૧.

શાહેદી=સાક્ષી.
જણીઆ=બાઈઆ, બઈરાંઓ.
ઈનસાફ = ફૈસલો, ન્યાય.
ફિકાવું=ઝૈચક, ફીકું.
અંદેશો=ફાળ, ફિકર.
હવાલે કર્યા = સોંપી આપ્યા, સ્વાધીન કર્યા.
ગળેપડુ=બાઈપકડુ લઆ, પોતે તાહોમત મુકનાર.
દશા=હાલ,અવસ્થા.
ચડાણ=પાણી, ધુર.

પાઠ. ૬૨.

વાર = અઠવાડીઆનો દાહાડો,વખત
સરત=સુરત, ધ્યાન.
આઠવાડીઊં = સાત દાહાડા.

પાઠ. ૬૩.

પોહોર=ત્રણ કલાક.
મધરાત=વચલી રાત
પખવાડીઊં = પંદર દાહાડા.
મહીનો=ત્રીસ દિવસ

પાઠ. ૬૪.

વા=પવન.
વાસીને=[illegible] ઈને.
અફારો=પસીનો.
વિંજણો=પંખો.
વાગરો=પવન, વા.
થીર=થર, સ્થીર.
લોટો=કળશીઓ.
શીશી=નાની બાટલી.

પાઠ. ૬૫.

પ્રવાહી = પાણી જેવી ચીજ.
લેહેરો=વીરોળા, વમળ.
કડાળા=ચકરડાં.
ઉપરા ઉપરી=એક પછી એક.
ધ્રુજે=હાલે.
નાદ=અવાજ, સાદ.
જુગતી=તદબીર.
ઘરડાપણ = બુઢાપણ.
[illegible]બેહેરા = જન્મથી બેહેરા.
ઈશારત = નિશાની, ચિન્હ.
[illegible]=શક્તિ.

પાઠ. ૬૬.

[illegible] = [illegible]નું લુગડું.
[illegible]
[illegible], ઓળી
ચાળી[illegible] = ચાળીને
[illegible] કરવાનું કા-[illegible] ચારણું.
[illegible]=ખરબડા, અડબચડા.
ઓળ=લાઠી.
ફટકડી=ફટકી.
ધુંટે=સાફ લીસા કરે.
કાગદી=કાગળ વેચનારો.
તા=તાવ, કાગળ.
ધા=થાપો, દસ્તો.
સાહેબખાની=જેઆ સાહેબ લોકોને વાપરવા જેવા.

પાઠ. ૬૭.

સુરખાઈ=મેવકફાઈ.
દેશાવર=પરદેશ, પરગામ.
મથાળું=ટોચ.
ઠેઠ=છેક.
ફાળ=ધાસ્કો,ફિકર.
ઝળઝળીઆં= આંસુ
રુવાંસો=રડોસ્કો.
ઠોઠમોઠ=મુરખ, અણઘડ.
નામું=નામ,દફતર.
અભણ=વગર ભણેલો.
લાજ=શરમાઈ.

પાઠ. ૬૮.

નિશાની = ચિન્હ, એંધાણી.
અસાર=નકાઉં.
અક્ષર=હરફ, દસ્કત.
ઉર=દીલ, મન.
અભિમાન=હંકાર.
અપાર=ઘણોજ.
સરદાર = સગદાર,ઉપરી.
વેહેમ=શક.
વડી=મોટી, બડી.
બકતો=લવતો.
રાય=રાજા.

પાઠ. ૬૯.

વૈતરૂં=મેહેનત મજુરી, વેઠ.
હઠે=હારે, દબે.
આળોટવા = ગોળાંટીઆં ખાવા.
દેખાદેખી=જોઈ જોઈને.
અમીર=મોટામાણસ અસરાફ.
દાખડો=ખાડો.

પાઠ. ૭૦.

પુરૂં=બરાબર,પેટ ભરીને.
ભત્રીજો = ભાઈનો છોકરો.
ડેલામાં=તબેલામાં.
ઓતરે=ઓથે, આશે.
બેદ = કારણ,પડદો, તફાવત.
ન્યાલ=ગળબર,પૈસાદાર.

પાઠ. ૭૧.

રેશમ=હીર.
કીડા=જીવડા.
ખિજૂર = એક જાતનો લીલો મેવો.
તાંતણો=તાર, દોરો.
કોશેટો=દડી.
ખદખદતાં=ઉકળતાં, ઉના ઉના.
પતંગીઉ=એક જાતના જીવડાનું નામ
ભાત ભાતના = તરેહ તરેહના.
હીરાગળ=રેશમી.
મુગટા, અંબોટીઆ, મશરૂ, ગજીઆણી, કીનખાબ. } [illegible]

પાઠ. ૭૨.

આખલા = ગોધા, સાંઢ.
માતેલા=જબરો, ધરાયેલો.
નીચ=હલકો.
નબળા=અશક્ત.
પલક=ક્ષણ, પલ.
આંટા=ફેરા, ચક્કર.
નામર=કાયર.
પોકરાવી=બોલાવી.
અહંકાર=અભિમાન
હલકા=ઉતરતા.નીચા
તુચ્છ=હલકો, નીચ.

પાઠ. ૭૩.

કરોળીઓ=જાળામાં રેહેનારો જીવડો.
જીતીને = ફતેહ મેળવીને.
ફુલાગયો=ગર્વ ભરાયો
હરાવ્યો=હઠાવ્યો, હંફાવ્યો.
બરોબરી = સરખાસરખી, હરીફાઈ.
ગર્વ=હંકાર.
જાળામાંથી = ફાંદામાંથી.
નજ=નહીં.
શેર = ૪૦ પૈસાભાર (જબરો)
ફાંફા=ફવતીઆ, પછાડા.
મેહેકી=છુટકી.
કેવળ = માત્ર, બીલકુલ.

પાઠ ૭૪

રંજ = ખુશ લાગે એવું.
પટા=લીસોટા, કાપા.
રૂવાંટા=ઝીણાં વાલ.
ચંચળ = હોશીઆર, ચપળ.
કોમળ=નાજુક.

પઠ ૭૫.

છેતરવું=ઠગવું.
નાત=જમણવાર વરો.
દડીઆ=પડીઆ.
સંતાડ્યો=છુપાવ્યો.
પાપ=દુષ્કર્મ, નઠારૂં કામ.
ગુંચવાતી=મુંઝાતી.
કરડી=આકરી, સખત.

પઠ ૭૬.

પલ=ક્ષણ.
તરતું=પાણી ઉપર અતરંગ રેહતું.
ઠેકાઠક=માથા સુધી, છલાછલ.
ડુબી=બુડી.
મંદીર=દેહેરૂં.
જોશી=જ્યોતિષ વિદ્યા જાણનારો.
ઠાબક=ઠોકો, ધાતો.

પાઠ ૭૭.

મોંઘા=ઘણી કીમતી.
મોહોર = પંદર રૂપીઆની કીમતનો સોનાનો સિક્કો.
ઉપડે=ઉપાડાય, ઊંચકાય.
પેટ=પોળાણ, કરડો.
કેદારો=કેડે ચાલવાની જાગસ.
તાલેવર=પૈસાદાર.
કસબ=જર, કીનખાબ.
પાલવ=કોર, છેડો.
નાઈ=રીત.

પાઠ ૭૮.

ટટાર=સીધા.
નાખુશ=દલગીર, ઉદાસ.
ઉગામે=ઉઠાવે, ઊંચકે

પાઠ ૭૯.

વાચા=બોલવું, સમજ
ભાન=બુદ્ધિ, જાગા.

પાઠ ૮૦.

પીઅર=બાપને ઘેર.
મોસાળ=મામાને ઘેર
ઠેસ=ઠોકર.
કાંગળી =બાળો જેવું બઈરીનું પેહેરવાનું.
રીશ=ગુસ્સો, કોપ.

પાઠ ૮૧.

સંપી=સંપથી, હળીમળીને.
શોક=દલગીરી.
નિંદે=બદબોઈ કરે.
બળવંતા=જોરાવર.
કલેશ=કજીઆ કંકાસ
હળતાં=હળીજતાં.

પાઠ ૮૨.

વરાળ=બાફ, શેવાળ.
તાસક=ઢાકણું.
ટપકાં=ટીપાં.

ઝમીને=બંધાઈને.
ગગન=આકાશ.
કરા=ઠરી ગયેલું પાણી.
ઠાર=સખત ટાઢ.
ઠીબ=ઠીકરાની ગાગર કે દોરીઆ વગેરેના તળીઆનો ભાગ.
બરફ = બંધાઈ ગયેલું પાણી.
ધુમર=ધુમસ.
ઝાકળ=શરદી, ઓસ.
રૂપ=આકાર, ડોળ.

પાઠ ૮૩.

બરડો=પીઠ, વાંસો.
સાંધા=કટકા.
પુષ્કળ=ઘણાં.
મધ્યમ=સાધારણ.
હેલી=ડાથણી.
ભેળું=સાથે, એકઠું.
જખમ=ઘાયલ થયેલી અથવા કરડેલી જગ્યા.
ડામ=ઉનો ચાપડો.

પાઠ ૮૪.

સિંહ = જનાવરોનો રાજા. (વનરાજ)
કાલાવાલા=આજીજી વિનંતિ.
મહારાજ=મોટા રાજા

જીવતદાન = નવો જન્મ.
શેખી=પતરાજી, વડાઈ
સામર્થ્ય=જોર, બળ.

પાઠ ૮૫.

હાજર=તૈયાર.
બજાવશે=કરશે.
છુટો=મોકળો.
તગડું=જાડું, પુષ્ટ
પ્રસંગ=વખત, સમે.

પાઠ ૮૬.

શાગ=શોગ.
માણસાહાર = મશાડા રાધા.
સાંઠીઓ=સોટીઓ, કરાંઠી.
ભમરો = રમવાનું રમકડું.
વળતી=પાછી.
મરડીને=વાળીને.
રેસા=દોરા, તાંતણાં,
[illegible]=કાંઠા, કરચાં. સોટી.
દીવાસળી=દીવા કરવાની સળી.
સુતળી=શણના રેસાની દોરી.

પાઠ ૮૭.

શીઆળ=[illegible] જેવું જાનવર.

મેદાન=ખુલ્લી જગ્યા.
શીઆળવાં= શીઆળનાં બચ્ચાં.
ચોરીથી= ચુપકીથી, છુપી રીતે.
ભુંગળાં=નળાં.
કુકડા=મરઘા.
વાઢ=શેરડી ઉગવાની જગ્યા, ખેતર, કાપ.
બોળ=બોલ, પોલાણ
બંકેર=ગુફા.

પાઠ ૮૮

લોભીઓ=લાલચુ.
તપેલાં=પાતેલાં.
જમણવાર=ન્યાતવરો
વીઆયાં=જણ્યાં.
[illegible] = પૂછપરછ, તજવીજ.
લાભ=ફાયદો.

પાઠ ૮૯.

આદમી = માણસ, સખસ.
નાદાન=અણસમજુ
ચુપ=મુંગો.
વસતા=રહેતા.
ધુતારા = ફોસલાવી ખાનારા.

પાઠ ૯૦.

ભીંડી=શણને મળતી જાત.

વાણ=ભીંડીના રેસા, દોરી.
ટકાઉ=મજબુત, ટકે એવું.

પાઠ ૯૧.

ખુંધ=ઢેકો, ટેકરો.
તરેહવાર = અજબ રીતનું.
રેતાળ=રેતીવાળી.
રણ=રેતીનું મેદાન, લડાઈ.
મુસાફરી=જમીન વાટે સફર.
વાટે=રસ્તે, રીતે.
બાવળીઓ=બાવળના કાંટાનું ઝાડ.
ચરબી=ચીકણી વસ્તુ
પોષણ=ગુજરાન.
સાંઢણી = ઝડપથી ચાલનારૂં ઊંટ.
સંદેશા = સમાચાર, ખબરપત્ર.

પાઠ ૯૨.

સક્કરીઆ=સકરકંદ.
બટાટા=આલુબડા.
તળીને=તેલમાં ચડાવીને.
અળવી, તાંદળજો, મેથી, ભાજી. } ભાજીનાં નામ

દેવતા=અગ્નિ, વન્સ્તેલ.
ચઢે=બફાય, રંધાય.

પાઠ. ૯૩.

સેકટો. અગથીઆ. કેશો. } શાકભાજીનાં ઝાડ
ફોલીને=છોડા કાહાડીને.
લીલવા=દાણા, મોચ
કુમળી=નાજુક.
રીંગણાં=વેગણાં.

પાઠ. ૯૪.

પાર=નદીની સામો કીનારો.
માછી=ઢીમર, માછલી પકડનાર.
ખારવા=ટંડેલ, ખલાસી.
હંકારેછે = પાણીમાં ચલાવેછે.
ચાદરો = ગલાખા, ખાદીની પીછોડી
સઢ=વાહાણમાં મોટી ચાદરો સીવીને બાંધેછે તે.
હલેસાં=ચાટવા, હેલાં
મછવો=ન્હાની હોડી
બાગ્યે=મુશકેલાઇથી.

સમાઈ=માઈ.
સીધું=ખાવાનું, ભાથું
સામાન = કામની ચીજો.
તોપ=પોહોળા મોહોડાની મોટી બારે બંદુક.

પાઠ. ૯૫.

વીંછુ=બીયામણું જાનવર.
બીવામણી=ડરામણી, વિકાળ.
ગોલાં=પાકલ.
રાની=જંગલી.
મધમાખ=મધ કરનારી માખી.
ભોગ=કમબખ્તી.

પાઠ. ૯૬.

રોળીને=રગદોળીને.
ભમતાં=ભટકતાં, ફરતાં.
થાક=મેહેનત, શ્રમ.

પાઠ. ૯૭.

હલકી=સોંઘી, થોડી કીમતી.
મેળવણી=મેગ.
કંસારા= ધાતુના વાસણ બનાવનાર.
તાજાં=તરતના.

દોહળી = કલાઈઓ, છુરા લાવવાનું વાસણ.
કલાઈ ઘડા = કલાઈના વાસણ ઘડનાર.

પાઠ. ૯૮.

ભોળી=ડબોરી.
કાંતીલોઢું= ચીનાઈ લોઢું.
પોહોરા=હોરાલોકો.
બંદુક=મોટી પીસ્તોલ.
ગોળીઓ=સીસાની લખોટીઓ.
છરા = બંદુકમાં ભરી મારવાની ગોળી.

પાઠ. ૯૯.

રૂત=મોસમ, ઋતુ.
કુંપળો=ફણગો, અંકોર.
આંબાગાળો = કેરીગાળો ; કેરીનો રસ કાહાડીખાવાને સમાં તેડીએચ તે.
ટેટીઆ= ખડબુચાં.
કોયલ=મધુર રાગનું પક્ષી.
ટોકા = મધુર વાણી, બોલવું.
કલાલ = ચેનમાછ, કીકીઆણી.

પાઠ. ૧૦૦.

ઘમઘાર = ચહડી આવવું.
વીજળી=વીજ.
ચમકારા=ઝબકારા.
ગર્જના = ગડગડાટ, ગાજવું.
કડાકા=અવાજ.
કાટકા=મોટા જોરથી અવાજ.
તર=તૃપ્ત, ભરપુર.
પુર = ભરતી, રેલ, ભરપુર પાણી.
હેલી=વરસાદ જારી, ઝડી.

પાઠ. ૧૦૧.

કપાસીઆ = કપાસનાં બી.
કાલાં=કપાસનાં જીંડવાં.
ઢીમ=ઠાર, ઠાકર.
ડગલી=બેવડી અંગરખી.
સગડી=દેવતા લેવાનું કાણાવાળું કાદવનું વાસણ. ચુલો.
તાપણી=ઘાસ બરેડાનું બળતું.
માહામાહા=ઘણુંઘણું
ઠુંઠવાઈ=સીકડાઈ.

તેજાનો=મસાલો.

પાઠ. ૧૦૨.

હાથી=સૌથી મોટું ચોપગું જાનવર.
અટપટી=અઘરી, ગુંચવણભરેલી.
દુશ્મન=વેરી, શત્રુ.
રમકડાં=બાળકને રમવાની ચીજો.

પાઠ. ૧૦૩.

ફુલ=મોલક; હોવું.
ગોતર=ગાતર.
કસાણીને=ચોળીને, મસળીને.
પાંગા=ઝીણી રેતી.
ગુંદીને=કેળવીને.
લોંદો=લચકો.
ચોકડું=લાકડાંનો ચોરસ સાંચા.
અલગ=ધીમે, અન્તરંગ.
બઠી=દેવતાનો મોટો ચુલો.

પાઠ. ૧૦૪.

ઢોલ=માટી કે છાણને પલાળીને લોંદો કરેલો તે.
વારાફરતી=એક પછી એક.
આધારે=આસરે.

પાઠ. ૧૦૫.

ઢાળ=ઢળાણ.
અલાસી=છુપકું સડનારા ઓરવા.
સરડે=ભગીલ.
પકવાસા=લાકડાની ચીપો.
મોતીગ=લાકડાની પાટલી.
લગ=ફગી, ટેકો, જાગ શાકરો.
તીગીઆ=જાડા સાંકડા.
કામડાં=વાંસને ફાડીને બે ભાગ કરેલાં તે.
કરાતી=લાકડાં વહેરનારો.
વહેરવું=કરવત વતે ચીરવું, વહેરી કાઢવું.

પાઠ. ૧૦૬.

[illegible]=[illegible]રાજ
[illegible]=થીગઆર.
[illegible]=ચાપડા.
[illegible]=ખરૂં લોઢું.
[illegible]લુહાર ઘડેછે તે [illegible], લુહારની [illegible]ડી.
ધમ[illegible]=[illegible] સળ[illegible] ચામ[illegible].

એરણ=જેના ઉપર લુહાર ઘડેછે તે લોઢું.

પાઠ. ૧૦૭.

ચોતરફ=ચારેબાજુએ.
નિરાગ=નાખુશ, શોકાતુર.
સાંકડો=ઠાંગો.
માર્ગ=રસ્તો.
તસમો=અઘરો કઠણ.
સાંસા=તંગી.
અડોઅડ=પાસેપાસે.
ગરમડી=ગમડી, ઢળી.
નિકાલ=ઉપાય.

પાઠ. ૧૦૮.

તમામો=મેલ, મળ, મેળો.
વાઢ્યા=મરડ્યો.
સંકડાઈ=સંકોચાઈ.
ચતુરાઈ=ડાહાપણ.
હઠ=મમત, જીદ.

પાઠ. ૧૦૯.

રૂંડવા=ડીંડવા.
ચરખો=રૂ ને કપાસીઆ જુદા પાડવાનો રેંટીઓ.
પીંજ=સાફકરી.
રેંટીઓ=રેંટ.
સુતરાઉ=સુતરનું બનેલું.
ખાદી=જાડી, ઘણું જાડું લુગડું.
જાત=કમાસ.
મલમલ,
બાસ્તો,
સાદરપાટ,
જગનનાથી, } સુતરાઉ કાપડ

પાઠ. ૧૧૦.

સુરજ=સૂર્ય.
આથમે=અસ્ત પામે.
લાલાસ=રતાશ.
પામો=વનસ્પતિ, પાંદડાં.
ગરમી=તાપ.
બિંબ=કીરણ.

પાઠ. ૧૧૧.

ચંદ્રમા=ચાંદ, ચાંદો.
પૃથ્વી=દુનીઆ, અ-હનું નામ.
પુનેમ=પંદરમીતિથી.
અલાયો=વાંકા કાપા, ( ) [
દરપણ=આરસી.
ચકદુ=ગોળ કકડો.
અમાસ=મહીનાનો છેલ્લો દાહાડો.

પાઠ. ૧૧૨.

કલાક = ૬૦ મિનિટ.
મિનિટ = ૬૦ સેકંડ
ઘડીઆળ = વખત જોવાનું યંત્ર.
અંગ્રેજી = અંગ્રેજી ભાષા, અંગ્રેજ લોકની બોલી.
આવર=કલાક.

પાઠ. ૧૧૩.

આભલાં=વાદળાં.
સેંકડો=સો, કરોડો.
ગ્રહ = સ્થીર તેજના તારા.
જબર=તિક્ષણ, મોટો દાડનો, ચાલાક.
અજાણી=વગર શિખેલા, ભોળા.
નવુંજુનું = ફેરફાર; આફત.
શક્તિ=બળ, જોર.

પાઠ. ૧૧૪.

વાદળાં=વરાળરૂપે ઉડી ગયલા પાણીના બનેલાં તે.

પાઠ. ૧૧૫.

મેઘ=વરસાદ.
કૃપા=મેહેરબાની.

પાઠ. ૧૧૬.

વ્યાપક=પ્રસારક, ફેલાયલો.
આસપાસ = આસેપાસે, ચોમેર.
આકાશ=આસમાન, ગગન.
અંતર=તફાવત, ફેર, ફોલ, ભીતર.
આભાસ=થોડોઉજાસ, ઝાંખુ દેખાય છે તે.
ચાસ=ખેતરમાં જમીન ખેડીને ઉંચ કરીને લીટા પાડેલા તે
વિશ્વપતિ=જગતનો ધણી.
ઘડીએ=બનાવીએ, રચીએ.
ખોળીએ=શોધીએ
કણી=રચકણ, રજ.
જગકર્તા = જગતનો બનાવનાર ઈશ્વર
ઠાલું=ખાલી, અમથું

પાઠ. ૧૧૭

અણસમજુ= સમજ વગરનો.
શ્વાસ=દમ, સાસ.
નાડી=નાડ.
મુડદું=જીવ વગરનું ખોળીઉં.

જીવ=પ્રાણ, આત્મા.
ખાતરી = ખાતરજમા, નીરાત.

પાઠ. ૧૧૮.

શિખામણ = બોધ, ઉપદેશ.
શિખ = શિખામણ, ફાયદાની વાત.
ભાવ=હોંસ, ઈચ્છા.
ફુંડી=ખરાબ, માઠી.
ઠગાઈ=ઠગબાજી.
ઢાઢ=ઢોંગ, ધતગ.
છળ=દગો, કપટથી.
કળ=કળાથી, તદબીર
કૃપાળ=ગોતારે.
આળ=તોહમત.
પળી=સફેતી, ધોળાપણ.
ગળી=કાળારંગ, કલંક

પાઠ. ૧૧૯.

રસળવું=રઝળવું, ભટકવું.
દળણાં=લોટ દળવાનું મજુરીનું કામ.
વિપત=આપદા, તંગી
કાપડીઆ=કાપડ વેચનારો, ડોસીવાણીઆ.
બજાજ=[illegible] ચોડો
પગાર=મુસારો, દરમાયો.

ગાણોતર=ગુમાસ્તો
ઉઘરાણી=લેહેણા રૂપીઆની માગણી. લેહેણું.
માલ=સોદો.
વાયદો=ઠરાવ, મજુર
પંડયા = મહારાજા, ભટ.
પીતાંબર=રેશમી લુગડું.
જાન=ગામને જવાના લગનનો વરઘોડો.

પાઠ ૧૨૦.

આગરીઆ= એક જાતના સફેદ પડવાળો પાસાદાર પત્થર થાય છે.
સુંદર = સારાં, શોભીતાં.
સોંઘા=સસ્તાં.
દર=દર, એકેક.
મગન=ખુશી, આણંદ
લેખ્યું = ગનકાર્યું, માન્યું. [શિ.
મદારી=ખેલ કરનાર
રમત=ખેલ, તમાસો, રમુજ.

પાઠ ૧૨૧.

ભીડાભીડ = ખીચાખીચ.

વાસેલું=દાબેલું.
ઉદાસ=દલગીર.
બીજે = ઝાંખે, ઝંખ-
વાણે.
રજા=છૂટી, બરતરફી
ઠપકો=દોષ.
ગ્રહસ્થ=મોટું આબ-
રૂદાર માણસ.

પાઠ ૧૨૨.

બ્રાહ્મણબાઈ=બ્રાહ્મણી.
ગુજરાતી=ગુજરાતની
બોલી; (ગુજરાતી
ભાષા.)
લિપિ=ભાષા, બોલી
ધર્મપુસ્તક = ધર્મની
ચોપડી.

સળંગ=આખી.
અનુસ્વાર=મીંડું,બિંદુ
મૂળાક્ષર=પહેલા શ-
રૂઆતના ધોર-
ણના હરફો.
જોડાક્ષર = જોડેલા
દસ્કતો.
ધોરણ=રીત, રસ્તો.

પાઠ ૧૨૪.

મદદ=સાહાય, આ-
સરો.
વિશ્વાસ=ભરોંસો.

પાઠ ૧૨૫.

મુશ્કેલ=અઘરૂં,મુશી-
બત.

જોખવું=તોળવું.

પાઠ. ૧૨૬.

ચતુર=ડાહ્યો, હોશી-
આર.
ઝવેરી = ઝવેરાતનો
વેપારી.
ઝવેરખાનું=ઝવેરાત

પાઠ. ૧૨૭.

ધનવાન=દોલતવાળો
કુલ=ઢંગ, ધુરપત.
ફોસલાવી=સમજાવી,
ધુરપત કરી.
ફકીર=બાવો.

પાઠ ૧૨૮.

ભાઈયો=દોડો. ભિા.
પાંખાળો = પાંખવા-
ભોળું = નીખાલસ,
નિષ્કપટી.
ખળ = કપટી, કમ-
જાત.
ભલમનસાઈ = સલુ-
ખાઈ, દાનાવપણું.
લક્ષણ=ગુણ, ટેવ.

પાઠ. ૧૨૯.

આંકડા = અંકો, નં-
બરો.

હિસાબનાં કોષ્ટકો.

(૧) હિંદુસ્તાની
ચલણીનું કોષ્ટક.
૨૦ બદામ= ૧ પઈ.
૧૨ પઈ=૧ આનો.
૧૬આના=૧રૂપીઓ
૧૫ રૂપીઆ= ૧ મ્હોર

(૨) સોનાના તો-
લનું કોષ્ટક.
૬ ચોખા=૧ રતી.

૪ મગ=૧ રતી.
૩ રતી=૧ વાલ. [ણો
૧૬ વાલ=૧ ગદીઆ
૨ ગદીઆણા = ૧
તોલો.
૧૨ માસા=૧ તોલો.

(૩) જોખવાનું
કોષ્ટક.
૨॥ પૈસાભાર=૧ અ
ધોળ.

૨ અધોળ = ૧ નવ-
ટાંક.
૨ નવટાંક= ૧ પાસેર
૨ પાસેર=૧ અચ્છેર
૨ અચ્છેર=૧ સેર.
૪૦ સેર=૧ મણ.
૪૮ સેર=૧ ધડી.
૨૦ ધડી=૧ ભાર.

(૪) તોલનું કોષ્ટક
૧ ગાંસડીના ૫ મણ

૧ કોથળાના ૫ મણ
૧ હારાના ૭ મણ.
૧ માણીના ૧૨ મણ
૧ કળસીના ૧૬ મણ
૧ ખાંડીના ૨૦ મણ
૧ ભારના ૨૪ મણ
૧ ગાલ્લીના ૩૦ મણ
૧બેડીઆના ૩૨ મણ
૧ મૂડાના ૪૦ કે
૧૦૦ મણ.

(૫) વખતનું કોષ્ટક.

૬૦ વીપલ=૧ પલ.
૬૦ પલ=૧ ઘડી.
૨॥ ઘડી=૧ કલાક.
૩ કલાક=૧ પોહોર.
૮ પોહોર=૧ દિવસ.
૩૦ દિવસ=૧ માસ.
૧૨ મહીના=૧ વર્ષ.
૫૨ અઠવાડીઆનું એક વર્ષ.

(૬) અંગરેજી વખતનું કોષ્ટક.

૬૦ સેકંડ=૧ મિનિટ
૬૦ મિનિટ=૧ કલાક
૨૪ કલાક=૧ દાહાડો
૭ દાહાડા=૧ અઠવાડીઉં.
૨ અઠવાડીઆં=૧ પખવાડીઉં.
૨ પખવાડીઆં=૧ માસ.
૧૨ માસ=૧ વર્ષ.
૩૬૫ દિવસનું ૧ વર્ષ

(૭) અંગરેજી રીતે અંતર ભરવાનું કોષ્ટક.

૩ જવ=૧ ઈંચ.
૧૨ ઈંચ=૧ ફુટ.
૩ ફુટ=૧ વાર.
૫॥ વાર=૧ પોલ.
૪૦ પોલ=૧ ફરલાંગ
૮ ફરલાંગ=૧ માઈલ
૫૨૮૦ ફુટ=૧ માઈલ
૩ માઈલ=૧ લીગ.

(૮) અંગરેજી જમીન લાંબી માપવાનું કોષ્ટક.

૮ જવ=૧ આંગળ.
૨૪ આંગળ=૧ હાથ
૪ હાથ=૧ દં.
૨૦૦૦ દંડ=૧ ગાઉ.
૨ ગાઉ=૧ ગવ્યતી.
૨ ગવ્યતી=૧ જોજન

(૯) અંગરેજી ચોરસ જમીન માપવાનું કોષ્ટક.

૧૪૪ ચોરસ ઈંચ=૧ ચોરસ ફુટ.
૯ ચોરસ ફુટ=૧ ચોરસ વાર.
૩૦। ચોરસ વાર=૧ ચોરસ પોલ.
૪૦ ચોરસ પોલ=૧ રૂડ.
૪ રૂડ=૧ એકર.
૬૪૦ ચોરસ એકર=૧ ચોરસમાઈલ

(૧૦) ખેડુતની જમીન માપવાનું કોષ્ટક.

૪ આંગળ=૧ મુઠી.
૩૫ મુઠી=૧ કાંઠી, (વીસવાસી.)
૨૦વીસવાસી=૧વસા
૨૦વસા=૧વીઘું.

(૧૧)લુગડાં ભરવાનું કોષ્ટક.

૨ આંગળ=૧ તસુ.
૧૨ તસુ=૧ હાથ.
૨ હાથ=૧ ગજ.
૧॥ ગજ=૧ વાર.

(૧૨)નક્કર પદાર્થો માપવાનું કોષ્ટક

૧૭૨૮ ઘનઈંચ=૧ ઘનફુટ.
૨૭ઘનફુટ=૧ઘનવાર
૧૬૬ ઘનવાર=૧ ઘનપોલ.

(૧૩)મોતીના હીસાબનું કોષ્ટક.

૧૬ બદામ=૧દોકડો
૧૦૦ દોકડા=૧ ચવ
૧૩॥ ચવ=૧ રતી.
૨૪ રતી=૧ ટાંક.

(૧૪)મોઠાના જોખનું કોષ્ટક.

૧૦॥ અધવાળી=૧ ફરો.
૧૦૦ ફરા=૧ આનો
૧૬ આના=૧ રાશ

(૧૫) અંગરેજી સોનીઆના તોલનું કોષ્ટક.

૨૪ ગ્રેન=૧પેનીવેટ.
૨૦ પેનીવેટ=૧ઔંસ
૧૨ ઔંસ=૧પાઉન્ડ.

(૧૬)અંગરેજી વેપારીના તોલનું કોષ્ટક.

૧૬ ડ્રામ=૧ ઔંસ.
૧૬ ઔંસ=૧ પાઉન્ડ
૨૮ પાઉન્ડ=૧ક્વાટર
૪ ક્વાટર=૧હંડરવેટ.
૨૦ હંડરવેટ=૧ ટન

(૧૭)અંગરેજી નાણાંનું કોષ્ટક.

૪ ફાર્ધીંગ=૧ પેની
૧૨ પેન્સ=૧શીલીંગ.
૨૦ શીલીંગ=૧પાઉન્ડ
૨૧ શીલીંગ=૧ગીની

(૧૮)અંગરેજી નાણાંની ગુજરાતી કીમત.

૧ ફારધીંગની=૨પઈ
૧ પેન્સની=૮ પઈ.
૧ શીલીંગનો=૦॥રૂ૦
૧ પાઉન્ડના=૧૦ રૂ૦
૧ગીનીના=૧૦॥ રૂ૦
૧ પેનીના=૩૨ રૂ૦